નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા તા.૦૬/૦૩/૨૦૨૩ થી ૧૨/૦૩/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
|---|---|

નવસારી જીલ્લા પોલીસ પરીવાર તરફથી પોલીસ લાઈન ખાતે હોલીકા દહનનુ આયોજન કરવામાં આવેલ જેમા પોલીસ અધિક્ષકશ્રી, ડૉ.કરનરાજ વાઘેલાનાઓ તેમજ પોલીસ અધિકારીશ્રીઓએ હાજર રહી પુજન સાથુ  હોલી પ્રગટાવવામાં આવેલ.













**પ્રેસનોટ તા.૧૨/૦૩/૨૦૨૩**

**રીક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં આવી અન્ય પેસેન્જરોને બેસાડી નજર ચુકવી રોકડા રૂપિયા તથા મોબાઈલ ફોનની ચોરી કરતા ત્રણ ઈસમોને રોકડા રૂપિયા, મોબાઈલ ફોન તથા ઓટો રીક્ષા સહિત કુલ રૂ. ૨,૨૧,૦૦૦/- ની મત્તા સાથે ઝડપી પાડતી એલ.સી.બી નવસારી.**

**શ્રી ડૉ.કરણરાજ વાઘેલા, IPS ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારી** નાઓએ નવસારી જિલ્લામાં કેટલાક ઈસમો રીક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં આવી બેંકો/એ.ટી.એમ. માંથી રૂપિયા લઈ બહાર આવતા નાગરીકોને રીક્ષામાં બેસાડી પેસેન્જરોની નજર ચુકવી રોકડા રૂપિયા તથા મોબાઈલ ફોનની ચોરી કરી નાશી જતા હોવાના અવાર-નવાર બનતા બનાવો અટકાવવા તથા શોધી કાઢવા માટે **ડી.એસ.કોરાટ પોલીસ ઈન્સ્પેક્ટર, એલ.સી.બી.નવસારી** નાઓને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ.

ઉપરોક્ત સુચનાઓ અંગે અસરકારક કામગીરી કરવા ડી.એસ.કોરાટ, પોલીસ ઈન્સ્પેક્ટર એલ.સી.બી. નવસારી નાઓએ એલ.સી.બી.સ્ટાફના PSI એ.આર.સુર્યવંશી તથા PSI એસ.ટી.પારગી તથા એલ.સી.બી.સ્ટાફને ટેકનીકલ સર્વેલન્સ તથા ખાનગી બાતમીદારો રોકી ફળદાયક હકીકત શોધી કાઢવા સુચના આપેલ.જે અન્વયે નવસારી એલ.સી.બી. ટેકનીકલ સેલ તથા એલ.સી.બી.ના **પો.કો.અર્જુનભાઈ પ્રભાકરભાઈ તથા પો.કો.સંદિપભાઈ પીઠાભાઈ** નાઓએ નવસારી શહેરમાં આવેલ અલગ-અલગ બેંકો/એ.ટી.એમ. બહારના CCTV કેમેરાની ફુટેજો મેળવી એનાલીસીસ કરી તેમજ નવસારી પોલીસ કન્ટ્રોલ રૂમના નેત્રમ કેમેરાની મદદથી રીક્ષાની ઓળખ પ્રસ્થાપિત કરી એલ.સી.બી. ટીમ સાથે વોચ તપાસમાં હતા.


દરમ્યાન આજરોજ એલ.સી.બી.સ્ટાફના પોલીસ માણસો **એ.એસ.આઈ. સુનિલસિંહ દેવીસિંહ તથા પો.કો. અર્જુનભાઈ પ્રભાકરભાઈ** નાઓને મળેલ સયુંક્ત બાતમી હકીકત આધારે **PSI એ.આર.સુર્યવંશી** સહિતની ટીમે મોજે. નવસારી ઝવેરી સડક, ચાંદની એપાર્ટમેન્ટની સામેથી ઓટો રીક્ષા નંબર GJ 05 CV 1615 સાથે **(૧) સઈદ સલીમ શેખ, (૨) રઈસ ઉર્ફે લદ્દા S/O રઉફ શેખ, (૩) ઈમરાન એહમદખાન તમામ રહે. સુરત** નાઓ પકડી પાડી પુછપરછ કરતા મજકુર ઈસમોએ તા.૦૯/૦૩/૨૦૨૩ ના રોજ ઉપરોક્ત ઓટો રીક્ષા લઈ નવસારી ખાતે આવેલા અને નવસારી કુવારા સર્કલ પાસેથી એક અજાણ્યા ઈસમને પેસેન્જર તરીકે રીક્ષામાં વચ્ચેની શીટ ઉપર બેસાડેલ અને ગોલવાડ તરફ જતી વખતે સીટ ઉપર બેસવાનું ફાવતુ નથી આગળ પોલીસ છે પકડશે તેવી વાતો કરી નજર ચુકવી તેના પેન્ટના ખિસ્સામાંથી રોકડા રૂપિયા ૧૫,૦૦૦/- કાઢી લઈ ચોરી કરેલ હોવાની તેમજ તેઓએ નવસારી જિલ્લાના ચીખલી તેમજ વલસાડ-વાપી, સુરત, અંકલેશ્વર, ભરૂચ, નર્મદા, અમદાવાદ વિગેરે જિલ્લાઓમાં આવી રીતે ચોરી કરેલ હોવાની કબુલાત કરતા તેઓ ત્રણેય વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી નવસારી ટાઉન પો.સ્ટે. ખાતે સોંપવામાં આવેલ છે.



## **પ્રેસ નોટ તા.૧૨/૦૩/૨૦૨૩**

**કિ.રૂ. ૬૫,૬૦૦/ નો ઇંગ્લીશ દારૂનો જથ્થો પકડી પાડી પ્રોહીબીશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ડી.વાય.એસ.પી. પ્રોહિ. સ્કોડ નવસારી તથા ગણદેવી પોલીસ ની સંયુક્ત ટીમ**

નવસારી જિલ્લા I/C પોલીસ અધિક્ષક શ્રી ડૉ. કરણરાજ વાઘેલા સાહેબની સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ.કે. રાય સાહેબ નવસારી વિભાગ નવસારી નાઓના માર્ગદર્શન હેઠળ પ્રોહી ગણનાપાત્ર કેસો શોધી કાઢી અસરકારક કામગીરી કરવા સારૂ સુચના આપેલ હોય જે સુચના મુજબ નાયબ પોલીસ અધિક્ષક સા.શ્રી નવસારી વિભાગ નવસારીના પ્રોહી સ્કોડના અ.હે.કો કિરણસિંહ વિજયસિંહ બ.નં-૧૦૦૩ તથા આ.પો.કો જયપાલસિંહ બળવંતસિંહ બ.નં.૪૦૩ તથા આ.પો.કો શક્તિસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૩૮૧ તથા ગણદેવી પોલીસ સ્ટેશનના અ.હે.કો ભાવીનકુમાર જયંતીલાલ બ.નં-૧૦૦૯ તથા અ.પો.કો યોગેશભાઇ ઠાકોરભાઇ બ.નં-૧૧૧૭ તથા અ.પો.કો જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૦૭૯ તથા બે પંચોના માણસો સાથે ગણદેવી પો.સ્ટે. વિસ્તારમાં ખાનગી વાહનમાં પ્રોહિ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના અ.હે.કો કિરણસિંહ વિજયસિંહ તથા આ.પો.કો જયપાલસિંહ બળવંતસિંહ નાઓને સંયુક્ત રીતે ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, એક સિલ્વર કલરની મારૂતિ સુઝુકી સેલેરીયો કાર રજી. નંબર **GJ-15-CB-8436** માં ગાડીની શીટ નીચે તથા ડેકીમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી ગણદેવી થઇ અંદરના રસ્તેથી નવસારી-સુરત તરફ જનાર છે વિગેરે મતલબની બાતમી હકિકત મળતા સદર બાતમીવાળી કારની વોચ-તપાસમાં મોજે. સાલેજ ગામ માયાતલાવડી નહેર પાસે ઉભા હતા દરમ્યાન સદર બાતમીવાળી કાર આવતા તેના ચાલકને સરકારી લાઠી તથા પોલીસનુ બોર્ડ બતાવી કાર સાઇડમાં લેવા ઇશારો કરતા સદર કાર ચાલકે પોતાના કબ્જાની ફોર વ્હીલ કાર ઉભી રાખેલ નહી અને સદર કારના ચાલકે પોતાના કબજાની કાર વેગામ જવાના રસ્તા તરફ હંકારી લીધેલ જેથી સદર કારનો પીછો કરતા સદર કારના ચાલકે પોતાના કબજાની કાર મોજે. વેગામ પીર ફળીયા પાસે આવેલ નાની નહેર પાસે મૂકી આજુબાજુમાં આવેલ ખેતરો/ઝાડી ઝાંખરા તરફ ભાગી ગયેલ અને તપાસ કરતા/કરાવતા સદર કારનો ચાલક મળી આવેલ નહિ ત્યારબાદ સદર કારમાં પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતા ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂ-વ્હીસ્કીની બોટલો કુલ-૮૨ નંગ જેની કિ.રૂ. ૬૫,૬૦૦/- નો પ્રોહી મુદ્દામાલ તથા મારૂતિ સુઝુકી સેલેરીયો કાર રજી. નંબર **GJ-15-CB-8436** ની કિં.રૂ.૨,૫૦,૦૦૦/- ગણી કુલ્લે રૂ.૩,૧૫,૬૦૦/- નો મુદ્દામાલ પકડી પાડી મારૂતિ સુઝુકી સેલેરીયો કાર રજી. નંબર **GJ-15-CB-8436** ના ચાલકને વોન્ટેડ જાહેર કરી સદર નહિ પકડાયેલ વોન્ટેડ આરોપી તથા તપાસમાં નિકળે તેઓ વિગેરે વિરૂધ્ધ ગણદેવી પોલીસ સ્ટેશન પાર્ટ-સી- ૧૧૮૨૨૦૧૨૨૩૦૩૮૮/૨૦૨૩ પ્રોહી એકટ કલમ-૬૫-એ.ઈ, ૧૧૬(૨), ૯૮(૨) મુજબની આ.પો.કો જયપાલસિંહ બળવંતસિંહ નાઓએ સ.ત. ફરીયાદ આપતા ગુનો નોંધી આગળની તપાસ પો.સ.ઇ શ્રી એસ.વી આહિર ગણદેવી પોલીસ સ્ટેશન નાઓ કરી રહ્યા છે.




પોલીસ અધિક્ષકની કચેરી, નવસારી
લુન્સીકુઇ, ગણદેવી રોડ, નવસારી-૩૯૬૪૪૫
ફોન નંબરઃ-૦૨૬૩૭-૨૪૫૩૩૩,
ફેક્સ નંબરઃ-૦૨૬૩૭-૨૪૭૫૧૦
Email ID: sp-nav-legal@gujarat.gov.in

Azadi Ka Amrit Mahotsav

**પ્રેસનોટ તા.૧૨/૦૩/૨૦૨૩**

**હોળી-ધુળેટીના તહેવાર અનુસંધાને રાખવામાં આવેલ પ્રોહીબીશન ડ્રાઈવ દરમ્યાન નવસારી જિલ્લા પોલીસ દ્વારા કરવામાં આવેલ કામગીરી**

**મે.પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી ગુ.રા.ગાંધીનગર** નાઓએ હોળી-ધુળેટીના તહેવાર નિમિતે ગુજરાત રાજ્યમાં પ્રોહીની પ્રવૃત્તિ રોકવા સારૂ તા.૦૧/૦૩/૨૦૨૩ થી તા.૦૮/૦૩/૨૦૨૩ સુધી સાપ્તાહિક પ્રોહી ડ્રાઈવનું આયોજન કરેલ હતુ. જે અનુસંધાને **શ્રી પીયૂષ પટેલ, અધિક પોલીસ મહાનિદેશક, સુરત વિભાગ,સુરત** તથા **શ્રી કરણરાજ વાઘેલા, IPS ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક, નવસારી** નાઓએ નવસારી જિલ્લામાં પ્રોહીબીશનની પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા તથા પ્રોહી લીસ્ટેડ બુટલેગરો તથા પ્રોહી પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈસમો ઉપર વોચ રાખી માહિતી મેળવી સફળ રેઈડો કરવા તથા પ્રોહી કેસો શોધી કાઢવા માટે નવસારી જિલ્લાના તમામ થાણા અમલદારશ્રી તથા એલ.સી.બી. શાખાને જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ. જે અનુસંધાને નવસારી જિલ્લા પોલીસ તથા એલ.સી.બી.શાખા દ્વારા નીચે મુજબના પ્રોહીબીશનના કેસો કરવામાં આવેલ છે.

❖ **ઈગ્લીશ દારૂના કેસો:-**

(૧) નવસારી ટાઉન પો.સ્ટે-૦૨ (૨) નવસારી રૂરલ પો.સ્ટે- ૦૪ (૩) વિજલપોર પો.સ્ટે- ૦૨ (૪) ગણદેવી પો.સ્ટે-૦૪ (૫) બીલીમોરા પો.સ્ટ-૦૨ (૬) ચીખલી પો.સ્ટે-૦૭ (૭) ખેરગામ પો.સ્ટ-૦૩ (૮) વાંસદા પો.સ્ટે-૦૪ (૯) મરીન પો.સ્ટે-૦૧ (પ્રોહી ગણનાપાત્ર કેસો-૦૬) મળી કુલ- ૨૯ કેસો કરી કુલ-૨૮ આરોપીઓની ધરપકડ કરી ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલો નંગ- ૧૯૦૬ કિ.રૂ. ૨,૮૦,૯૨૦/- તથા વાહનો-૦૭ કિ.રૂ. ૧૭,૯૫,૦૦૦ તથા મોબાઈલ નંગ-૦૭ કિ.રૂ. ૩૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૧,૦૬,૯૨૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.

❖ **દેશી દારૂના કેસો:-**

(૧) નવસારી ટાઉન પો.સ્ટે-૦૧ (૨) નવસારી રૂરલ પો.સ્ટે- ૦૫ (૩) જલાલપોર પો.સ્ટે-૧૫ (૪) વિજલપોર પો.સ્ટે-૦૩ (૫) મરોલી પો.સ્ટે.-૩૨ (૬) ગણદેવી પો.સ્ટે-૩૫ (૭) બીલીમોરા પો.સ્ટ-૦૯ (૮) ચીખલી પો.સ્ટે-૦૧ (૯) ખેરગામ પો.સ્ટ- ૦૫ (૧૦) વાંસદા પો.સ્ટે-૧૮ (૧૧) મરીન પો.સ્ટે-૦૧ મળી કુલ-૧૨૫ કેસો કરી કુલ-૧૧૦ આરોપીઓની ધરપકડ કરી દેશી દારૂનો જથ્થો ૪૫૦ લીટર કિ.રૂ. ૯૦૦૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.

❖ **એલ.સી.બી.શાખા દ્વારા જિલ્લામાંથી શોધી કાઢેલ ઈગ્લીશ દારૂના કેસો:-**

કુલ-૧૯ કેસો (પ્રોહી ગણનાપાત્ર કેસો-૦૨) કરી કુલ-૨૧ આરોપીઓની ધરપકડ કરી ભારતીય બનાવટની વિદેશીદારૂની બોટલો નંગ-૬૪૪ કિ.રૂ.૩,૪૯,૦૦૦/- તથા વાહનો-૦૨ કિ.રૂ. ૧૪,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ-૦૩ કિ.રૂ.૧૦,૫૦૦/- તથા રોકડા રૂપિયા ૨૦૦૦/- તથા પ્લાયવુડની કિ.રૂ. ૯,૬૪,૮૯૪/- મળી કુલ રૂપિયા ૨૭,૨૬,૩૯૪/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.

❖ **એલ.સી.બી.શાખા દ્વારા જિલ્લામાંથી શોધી કાઢેલ દેશી દારૂના કેસો:-**

કુલ-૨૭ કેસો કરી કુલ-૨૩ આરોપીઓની ધરપકડ કરી દેશી દારૂનો જથ્થો ૧૩૬ લીટર કિ.રૂ. ૨૭૨૦/- નો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે.

આમ નવસારી જિલ્લા પોલીસ દ્વારા **ઈગ્લીશ દારૂના કુલ-૪૮ કેસો** (પ્રોહી ગણનાપાત્ર કેસો-૦૮) કરી **કુલ-૪૯ આરોપી**ઓની ધરપકડ કરવામાં આવેલ જે કેસોમાં **ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો નંગ-૧૫૫૦ કિ.રૂ.૬,૨૯,૯૨૦/-** તથા વાહનો-૦૯ કિ.રૂ.૩૧,૯૫,૦૦૦ /- તથા મોબાઈલ નંગ-૧૦ કિ.રૂ.૪૧,૫૦૦/-તથા રોકડા રૂપિયા ૨૦૦૦/- તથા પ્લાયવુડની કિ.રૂ. ૯,૬૪,૮૯૪/- મળી **કુલ રૂપિયા ૪૮,૩૩,૩૧૪ /- નો મુદ્દામાલ** કબજે કરવામાં આવેલ છે. તેમજ **દેશી દારૂના કુલ-૧૫૨ કેસોમાં કુલ-૧૩૩ આરોપી**ઓની ધરપકડ કરી દેશી **દારૂનો જથ્થો ૫૮૬ લીટર કિ.રૂ.૧૧, ૭૨૦/-નો મુદ્દામાલ** કબજે કરવામાં આવેલ છે.